# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વિ.ક./યુ.મો./૨૦૧૭/૬૬૨૩ તા. ૦૩/૦૯/૨૦૧૭

પરિપત્ર-૩૧૯

વિષય : શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રથમ યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૭" ના રજીસ્ટ્રેશન બાબત.
સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા. ૧૮/૦૮/૨૦૧૭ નો પરિપત્ર-૩૦૦ નં. એસજીજીયુ/વિ.ક./યુ.મો./૨૦૧૭/૬૫૩૧

ઉપરોક્ત વિષય અન્વયે અને આ યુનિવર્સિટીના સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી આગામી તા. ૨૨,૨૩,૨૪ સપ્ટેમ્બર-૨૦૧૭ ના રોજ ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રથમ યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૭" ના આયોજન, વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન, સ્પર્ધાઓ અને નિયમો અંગે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જાણ કરવામાં આવેલ છે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રથમ યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૭" ના આયોજન અને સંચાલનમાં સુગમતા રહે તે માટે માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટી દ્વારા વિશેષ પોર્ટલ "સ્પંદન-૨૦૧૭" તૈયાર કરવામાં આવેલ છે. સંબંધિત કોલેજોએ યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in પર "સ્પંદન-૨૦૧૭" પોર્ટલ માં લોગીન થઈ સૌ પ્રથમ પોતાની કોલેજની વિગતોની એન્ટ્રી કર્યા બાદ તેમની કોલેજમાંથી ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓનું ફરજીયાત પણે તા. ૦૮/૦૯/૨૦૧૭ સુધીમાં જરૂરી તમામ વિગતો સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે તેમજ આચાર્યશ્રીએ પોતાના સહી-સિક્કા કરી ઓનલાઈન લીધેલ પ્રિન્ટઆઉટ યુનિવર્સિટીને બિનચૂક મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓનું નિયત સમ-મર્યાદામાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન થયેલ નહી હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પ્રથમ યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૭" માં ભાગ લેવા દેવામાં આવશે નહિ અને આ અંગે કોઈપણ રજૂઆત માન્ય રખાશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી.

નોંધ : દરેક કોલેજોએ "સ્પંદન-૨૦૧૭" પોર્ટલ માં લોગીન થવા તેમની કોલેજના નામ પર ક્લિક કરી principal123 પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. દરેક કોલેજે પોર્ટલમાં પ્રથમ વખત લોગીન થયા બાદ પોતાનો પાસવર્ડ બદલવાનો રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.